| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૯/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૧૦/૦૯/૨૦૨૫ |
| નિકાલ તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ:૦ માસ:૬ દિવસ:૧૫ |

---

**દેવભુમિ દ્વારકા જિલ્લાના મ્હે.બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા**

---

**ક્રિમીનલ અપીલ નં.૬૯/૨૦૨૫**
**આંક : ૭**

**શ્રી સરકાર,**
થ્રુ પી.આઈ.,
મીઠાપુર પોલીસ સ્ટેશન,
જી.દેવભુમિ દ્વારકા. **...એપેલન્ટ**

**વિરુધ્ધ**

**કા.સં.કિ.ના કુદરતી વાલી અને પિતાશ્રી**
**હુશેનભાઈ હારૂનભાઈ ભાયા,**
રે.આરંભડા, ચીખલી તળાવ, ઝુલ્ફીકાર ચોક,
તા.દ્વારકા, જી.દેવભૂમિ દ્વારકા. **...રીસ્પોન્ડન્ટ**

---

**બાબત : જુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ ની કલમ–૧૦૧ મુજબ અપીલ...**

---

**એપેલન્ટ તરફે : વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજા**
**રીસ્પોન્ડન્ટ તરફે : વિ.વ.શ્રી ટી.જે.વિઠ્ઠલાણી**

---

## -:: ચૂકાદો ::-

**૧.** એપેલન્ટે હાલની અપીલ વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભૂમિ ધ્વારકાનાઓએ ફો.કે.નં.૨૫/૨૦૨૪ ના કામે તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ કાયદાથી સંઘર્ષમાં આવેલ કિશોર (કે જેને હવે પછી સરતળા ખાતર ટુંકમાં કા.સં.કિ. તરીકે સંબોધવામાં આવશે) સામેનો કેસ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ (કે જેને હવે પછી સરતળા ખાતર ટુંકમાં જે.જે.બી. તરીકે સંબોધવામાં આવશે) સમક્ષ ચલાવવાના કરેલ હુકમ સામે અપીલ અરજી.

**૨.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના કા.સ.કિ.એ ફરીયાદીની સગીર વયની દિકરીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ગઈ તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ ફરીયાદીના રહેણાંક મકાન પાસેથી મોટરસાયકલમાં પાછળ બેસાડી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી કા.સં.કિ. લઈ જતા, તે અંગે ફરીયાદીએ કા.સં.કિ. વિરૂધ્ધ તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ જે ફરીયાદ ના આધારે મીઠાપુર પો.સ્ટે.માં કા.સં.કિ. વિરૂધ્ધ ૧૧૧૮૫૦૦૫૨૪૦૯૭૬/૨૦૨૪, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭ અને પોકસો એકટની કલમ-૧૮ મુજબનો ગુન્હો નોંધાયેલ. ત્યારબાદ, તપાસ દરમ્યાન બી.એન.એસ.ની કલમ-૬૪, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૨ મુજબ કલમ ઉમેરાનો રીપોર્ટ કરવામાં આવેલ અને કા.સં.કિ.ને ગઈ તા.૨૯/૧૦/૨૦૨૪ ના રોજ વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વારકાનાઓ સમક્ષ રજુ કરતા કા.સ.કિ.ને બાળ સુરક્ષા ગૃહ,

રાજકોટ ખાતે મોકલી આપેલ અને તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પુર્ણ કર્યા બાદ વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વારકાનાઓ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. વિ. જે.જે.બી.એ કા.સં.કિ.ને ફો.પ.અ.નં.૩૯૭/૨૦૨૪ થી જે.જે.બી. એકટની કલમ–૧૨ ને ધ્યાને લઈ શરતોને આધીન જામીન મુકત કરેલ છે. ચાર્જશીટ થયા બાદ વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વારકાનાઓ એ કલીનીકલ સાઈકોલોજીસ્ટ ડોકટર વિજયભાઈ ડી. પીપરોતરની આંક–૮ થી જુબાની લેવાયેલ અને જુબાની થઈ જતા વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વરકાનાઓએ કા.સં.કિ. સામેનો કેસ જે.જે.બી. સમક્ષ ચલાવવાનો તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે. જે કા.સં.કિ. સામેનો કેસ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વારકા સમક્ષ ચલાવવાનો હુકમ કરેલ તે હુકમથી નારાજ થઈ અપીલ કરેલ છે.

૩. વિધ્વાન ટ્રાયલ મેજીસ્ટ્રેટશ્રીએ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ કા.સં.કિ. તરફેના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૪. એપેલન્ટ તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજાનાઓની દલીલો સાંભળી. વિ.પી.પી.શ્રીએ અરજીમાં જણાવ્યા મુજબની હકીકતે દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભૂમિ ધ્વારકાનાઓએ ફો.કે. નં.૨૫/૨૦૨૪ ના કામે તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ કા.સં.કિ. સામેનો હાલનો કેસ નામદાર જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ ચલાવવાનો હુકમ કરેલ છે તે ભુલભરેલો ક્ષતીયુકત અને કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધનો હોઈ રદ થવાને પાત્ર છે.

**૪.૧.** વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજાનાઓએ વધુ દલીલ કરેલ છે કે, નામ. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ દ્વારકાએ પોતાની સમક્ષ રજુ થયેલ મનોચીકીત્સકનો રીપોર્ટ અને સદર કેસમાં આંક–૮ થી ડોકટર વિજય ડી.પીપરોતરની થયેલ જુબાનીનું મુલ્યાંકન કરવામા કાયદાની ગંભીર પ્રકારની ભુલ કરેલ છે અને પોતાની સમક્ષ રજુ થયેલ તપાસના કાગળોમાં જણાવેલ હકીકતનો મુલ્યાંકન કરેલ નથી.

**પ.** રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી ટી.જે.વિઠ્ઠલાણીનાઓએ દલીલ કરેલ છે, તે મુજબ ટુંકમા મહત્વની દલીલ એવી છે કે, ભોગબનનારે, કા.સં.કિ.ને તેના ઘરે બોલાવી તેની મરજીથી કા.સં.કિ. સાથે ગયેલ છે. કા.સં.કિ.એ ફરીયાદીના પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરેલ હોવાનો આક્ષેપ છે અને ફરીયાદીની ફરીયાદ હકીકત તથા મનોચીકીત્સકનો રીપોર્ટને ધ્યાને લેતાં, કા.સં.કિ.નો કેસ જુવેનાઈલ બોર્ડ સમક્ષ ચલાવવા અરજ કરેલ છે.

**પ.૧.** વધુમાં વિ.વ.શ્રીએ જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૧પ, મનોચીકીત્સકનો રીપોર્ટ ધ્યાને લેતાં જણાય છે કે, મનોચીકીત્સકે તેમના રીપોર્ટના નિષ્કર્ષમાં સ્પષ્ટ જણાવેલ છે કે,''કા.સં.કિ. ને સંજોગોને સમજવાની માનસિક ક્ષમતા ધરાવે છે ઘટનાઓની ગંભીરતા અને પરિણામોને બરાબર સમજે છે''. પરંતુ, જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧પ ના કાયદાનો હેતુ, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને સમાજના પ્રવાહમાં પુન:સ્થાપના કરવા માટેનો છે તેમ છતા જયારે ૧૬ વર્ષથી ઉપરની ઉંમરના કા.સં.કિ.નું કૃત્ય અને તેના પરિણામની પુરેપુરી સમજણ સાથે કોઈ ગુનાહીત કૃત્ય કરે તેવા કિશોરને હાલના કાયદાનો લાભ આપી જે.જે. એકટ–૨૦૧પ એકટ મુજબ

જે.જે.બી. બોર્ડ સમક્ષ ચલાવવાનો વિ. પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જે.જે.બી., દેવભુમિ ધ્વારકાનાઓએ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ યોગ્ય, કાયદા મુજબ અને વ્યાજબી અને બરાબર છે.

**૫.૨.** વધુમાં વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, જે.જે.બી બોર્ડ, દેવભુમિ ધ્વારકા ધ્વારા ફો.કે.નં.૨૫/૨૦૨૪, તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ કા.સં.કિ. સામેનો કેસ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ ચલાવવાનો હુકમ કરેલ છે તે હુકમ ભુલ ભરેલો હોવાનું અને ક્ષતિયુકત અને કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધનો હોવાનું એપેલન્ટનું કથન છે તે સબંધે ઉપરોકત વિગતે ચર્ચા કરી તેમ નામ. બોર્ડ ધ્વારા જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૯ ની જોગવાઈઓ ધ્યાને લઈ જે હુકમ કરેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે અને તેમાં કોઈ ક્ષતિયુકત નથી કે કાયદાકીય જોગવાઈઓથી વિરૂધ્ધનો કોઈ હુકમ વિ. જુવેનાઈલ બોર્ડ ધ્વારા કરવામાં આવેલ નથી. જે મહત્વની હકીકતને હાલના કામે ધ્યાને લેવા નમ્ર અરજ છે.

**૬.** કેસની ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભૂમિ ધ્વારકાનાઓએ ફો.કે.નં.૨૫/૨૦૨૪ ના કામે તા.૦૭/૦૫/૨૫ ના રોજ કા.સં.કિ. સામેનો કેસ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ ચલાવવાનો હુકમ કરેલ છે તે ભુલ ભરેલો, ક્ષતિયુકત અને કાયદાકીય જોગવાઈઓ વિરુધ્ધનો છે ?

૨. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વારકાનાઓએ કા.સ.કિ.નો મનોચીકીત્સકનો રીપોર્ટ અને આંક–૮ થી વિજય ડી.પીપરોતરની જુબાનીનું મુલ્યાંકન કરવામાં કાયદાની ભુલ કરેલ છે.

૩. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દા અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,
૨. નકારમાં,
૩. આખરી હુકમ મુજબ

–:: <u>કા ર ણો</u> ::–

<u>મુદ્દા નં.૧–૨ સંયુકત રીતે</u> :–

૮. ઉપરોકત બંને મુદ્દા એકબીજા સાથે અરસપરસ રીતે સંકળાયેલ હોય, બંને મુદ્દાની ચર્ચા એકીસાથે કરવાનું ન્યાયોચીત જણાતુ હોય, તમામ મુદ્દાની ચર્ચા, પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારુ એક સાથે કરવામાં આવેલ છે.

૯. બન્ને પક્ષોની લંબાણપૂર્વકની દલીલ ધ્યાને લીધી. અપિલની હકીકત ધ્યાને લેતા, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ધ્વારા કા.સં.કિ.ને જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૯ ને ધ્યાને લઈ કા.સં.કિ.ની ઉંમરને ધ્યાને લઈ લઈ ઈન્સાફી કાર્યવાહી જે.જે.બી. સમક્ષ ચલાવવા હુકમ કરેલ છે. જે.જે.બી.

સમક્ષ ચાર્જશીટ થતા તેના ફો.કે.નં.૨૫/૨૦૨૪ થી જે.જે.બી., દેવભુમિ ધ્વારકા સમક્ષ કલીનીકલ સાઈકોલોજીસ્ટ ડોકટર વિજયભાઈ ડી. પીપરોતરની આંક–૮ થી જુબાની લેવાયેલ અને જુબાની થઈ જતા વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ શ્રી, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભુમિ ધ્વરકાનાઓએ કા.સ.કિ. સામેનો કેસ જે.જે.બી. સમક્ષ ચલાવવાનો તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે. ટ્રાયલ પેન્ડીંગ છે. જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૨ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો, પેટા કલમ–૧ ના પરંતુકમાં જયારે કા.સ.કી. ગુનેગારોના સંપર્કમાં આવી શકે તેવી શકયતા હોય અને કા.સં.કિ.ના શારીરીક કે માનસીક અથવા તેના આદર્શ જોખમમાં પડે તેમ હોય અને જામીન મુકત કરવાથી ન્યાયનો હેતુ જળવાશે નહી તેવા કારણોસર જ જામીન મુકત કરવા સામે બાધ છે. વિ.જુવેનાઈલ જસ્ટીસ બોર્ડે કા.સં.કિ.ને જામીન મુકત કરેલ છે. જુવેનાઈલ જસ્ટીસ એકટ છે તે બેનીફીશયરી લો છે. જે હકીકત જોતા હાલના કા.સં.કિ ને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે તે કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈ તેમજ કા.સ.કી સેઈફ કસ્ટડી ધ્યાને લઈ કરવામાં આવેલ છે તથા કા.સં.કિ.ની ઉંમર ને ઘ્યાને લઈ વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી નાઓએ જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ બોર્ડ સમક્ષ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે કલમ–૧૯ ની જોગવાઈ ઘ્યાને લઈ જે હુકમ કરેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે. વિ.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રીએ કલીનીકલ સાઈકોલોજીસ્ટ ની જુબાની ઉપરાંત કેસની હકીકત, સંજોગો જોઈ તથા પરીબળને ઘ્યાને લઈને, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડે કેસની પોતાની વિવેકબુઘ્ધીની સત્તાનો ઉપયોગ કરી બોર્ડ સમક્ષ ઈન્સાફી કાર્યવાહી ચાલે તેવુ ઉચીત માનીને તે મુજબનો હુકમ કરેલ છે, તે યોગ્ય છે, જે હુકમને રદ કરવાનો કોઈ દેખીતુ કારણ નથી. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડે કા.સ.કી.ની ઈન્સાફી કાર્યવાહી બોર્ડ સમક્ષ ચલાવવા માટે જે હુકમ કરેલ છે તેમ કરી કાયદાની ભુલ કરેલ હોવાનુ

જણાય આવતુ નથી. આથી, મુદ્દા નં.૧ અને ૨ નકારમાં ઠરાવી મુદ્દા નં.૩ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- એપેલન્ટની ક્રિમિનલ અપીલ નં.૬૯/૨૦૨૫ આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.
- મે.શ્રી પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, દેવભૂમિ ધ્વારકા ધ્વારા કા.સં.કિ.નો કેસ બોર્ડ સમક્ષ ચલાવવાનો હુકમ યોગ્ય ઠરાવવામાં આવે છે.
- ટ્રાયલ કોર્ટનુ અસલ રેકર્ડ, હુકમની ખરી નકલ સાથે મોકલી આપવુ.

હુકમ આજ **તા.૨૫ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૫/૦૩/૨૦૨૬**
**ખંભાળીયા.**

**(એસ.જી.મનસુરી)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ ધ્વારકા, મુ.ખંભાળીયા
**Code No.G.J.00603**